# <u>છેતરપિંડી અંગે ચેતવણી!</u>

પાછલાં અમુક વર્ષોમાં કૉર્પોરેટ નોકરી સંબંધિત છેતરપિંડીની ઘટનાઓમાં ધરખમ વધારો થયો છે અને તેનો વ્યાપ મોટા પ્રમાણમાં વધ્યો છે. અમારા, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ અને તેની ગ્રુપ કંપનીઓના, ધ્યાનમાં એવો ટ્રેન્ડ આવ્યો છે કે છેતરપિંડી કરનારા અમુક લોકો નોકરી શોધનારા નિર્દોષ લોકોનો સંપર્ક કરીને એમને અમારી ગ્રુપ કંપનીઓમાં આકર્ષક નોકરીની ઑફર આપે છે. છેતરપિંડી કરનારાઓ સંભવિત અરજદારનો વિશ્વાસ હાંસલ કર્યા પછી તેમને નોકરીમાં નિમણૂક અથવા ઇન્ટરવ્યૂ માટે કેટલીક ફરજિયાત જરૂરિયાતો પૂરી કરવાનું ખોટું કારણ આપીને નિયત બૅન્ક ખાતામાં પૈસા જમા કરાવવા કહે છે.

## તેમની ચાલબાજી આ પ્રમાણેની હોય છે:

- પહેલીવાર સાધારણ રીતે **નાની રકમ** માગવામાં આવે છે, જેથી ઉમેદવારને શંકા ન જાય અને એમનો વિશ્વાસ જીતી શકાય. આ રીતે વ્યક્તિ નાણાં જમા કરાવવા તૈયાર થઈ જાય છે.
- એકવાર વ્યક્તિ જાળમાં ફસાઈ જાય પછી છેતરપિંડી કરનારાઓ જેમ જેમ નિર્ધારિત ઇન્ટરવ્યૂ અથવા નિમણૂકની તારીખ નજીક આવતી જાય તેમ તેમ **વધારે રકમ માગતાં જાય છે.**
- એવી પણ પ્રવૃત્તિઓ ધ્યાનમાં આવી છે, જેમાં તેઓ **લૅપટોપ કે એના જેવી મોંઘા ભાવની પ્રારંભિક કિટ આપવાના બહાને મોટી રકમ માગે છે.**
- આ છેતરપિંડી કરનારાઓ નાણાં પડાવવા ઉપરાંત, સૂચિત અરજીની પ્રક્રિયા દરમિયાન **વ્યક્તિગત માહિતી પણ માગે છે.** પછી એ ડેટાને બજારમાં વેચી નાખે છે.

**છેતરપિંડી વિશેની આ ચેતવણીના માધ્યમથી અમે નોકરી ઈચ્છુક તમામ સંભવિત ઉમેદવારોને એ બાબતે સાવચેત કરવા ઇચ્છીએ છીએ કે રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિ. અને તેની ગ્રુપ કંપનીઓ:**

- **નોકરી ઈચ્છતી કોઈ પણ વ્યક્તિ પાસેથી રોજગારની ઑફર માટે કે ઇન્ટરવ્યૂ માટે અથવા લૅપટોપ, યુનિફૉર્મ, જેવી સ્ટાર્ટ અપ કિટ માટે કે સિક્યૉરિટી ડિપોઝિટ તરીકે અથવા કોવિડની ટેસ્ટ કરાવવા માટે કોઈ રકમ કે ડિપોઝિટ માગતી નથી**
- **પોતાના વતી રોજગારની ઑફર કરવા માટે અથવા કોઈ પણ લાભ પૂરો પાડવા માટે ઑફર કરનારા કોઈ ઍજન્ટ, ઍજન્સી કે વ્યક્તિની નિમણૂક કરતી નથી.**
- **માર્કશીટ, પૅન કાર્ડ, આધાર કાર્ડ કે રિઝ્યુમ જેવા વ્યક્તિગત દસ્તાવેજો વ્હોટ્સએપ મારફતે અથવા ઓનલાઇન ફોર્મ ભરવા સાથે માગતી નથી.**
- **જી-મેઇલ, યાહૂ, હોટમેઇલ, આઉટલૂક, વગેરે જેવા વ્યક્તિગત ઇ-મેઇલ આઇડી મારફતે કોઈ સંદેશવ્યવહાર કરતી નથી. રોજગારને લગતો તમામ સંદેશવ્યવહાર "@ril.com" અથવા "@jiobp.com" મારફતે જ કરે છે.**
- **એવી કોઈ નોકરી આપતી નથી, જેમાં કોઈ એસએમએસ મોકલવાના હોય.**

જો નોકરી ઇચ્છુક કોઈ પણ વ્યક્તિ આવી કોઈ ઍજન્સી, એમ્પ્લોયમેન્ટ પોર્ટલ અથવા વ્યક્તિ સાથે વ્યવહાર કરશે તો તે વ્યક્તિ પોતાના જોખમે તેવું કરશે અને આ પ્રક્રિયામાં થનારા કોઈ પણ પ્રત્યક્ષ કે પરોક્ષ નુકસાન માટે **રિલાયન્સ** ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ અને તેની ગ્રુપ કંપનીઓ જવાબદાર રહેશે નહીં.

નોકરી ઈચ્છતી વ્યક્તિ પોતાને મળેલો ઑફર લેટર સાચો છે કે નહીં તેની ચકાસણી રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિ., રિટેલ અથવા જિયો એ બધામાંથી જે લાગુ પડતી હોય એ કંપનીની સત્તાવાર વેબસાઇટ મારફતે કરી શકે છે.

ભરતી પ્રક્રિયામાં છેતરપિંડી સંબંધિત કોઈ પણ શંકાસ્પદ પ્રવૃત્તિની જાણ થાય તો ફ્રોડ એન્ડ મિસકંડ્ક્ટ ઇન્વેસ્ટિગેશન વિભાગના હેડને recruitment.fraud@ril.com પર સૂચિત કરવાનું આપણા બન્ને પક્ષોના હિતમાં રહેશે.